सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૧૯ | એપ્રિલ ૧૯૯૯ | અંક ૫

## વાલીઓને........

૧૦+૨ ( હાયર સેકન્ડરી ) માળખું જ્યારથી આવ્યું છે ત્યારથી શિક્ષણનાં ક્ષેત્રમાં અનિશ્ચિતતા અને અશાંતિનો પ્રવેશ થયો છે. શ્રેણી ૧૦ ની પરીક્ષા બાળક ૧૫ વર્ષની ઉમરે આપે અને તેની ચિંતા તે ૮ મા ધોરણમાં પ્રવેશ મેળવે કે તરત જ શરૂ થઈ જાય. ‘ તારે કેરિયર બનાવવાની જરૂર છે ' તેવો ભાર તેના મગજ ઉપર સમાજમાં ઘણા ખરાં ક્ષેત્રોમાંથી લદાતો જાય છે. માત્ર ૧૩ વર્ષની ઉંમરથી શરૂ થતો આ ભાર છેક તે ૧૨ માંની પરીક્ષા આપીને શ્રેણી ૧૨ માં મેળવેલી ટકાવારીને આધારે પ્રવેશ મેળવે ત્યાં સુધી ચાલુ રહે. આ રીતે ૧૩ વર્ષની ઉંમરથી ૧૮ વર્ષની ઉંમર સુધીના બધા જ વર્ષ વિદ્યાર્થીને માથે, વાલીને માથે સતત તાણ અને ચિંતાના વિષયો બની જાય છે. વિદ્યાર્થી, જે સમાજનો એક ભાગ છે જે સામાજિક વ્યવહારો સાથે સંકળાયેલો હોવો જોઈએ તેના આ અગત્યના વર્ષો જે વિવિધ ક્ષેત્રમાં વિકાસ કરવાના વર્ષો છે તે વર્ષો આ રીતે , એક રીતે કહીએ તો વેડફાતા જાય છે. આ વર્ષોમાં વાલીઓની અપેક્ષા ખૂબ ઉંચી હોય છે. બાળકનું સાચું મૂલ્યાંકન કરવામાં થોડાક જ વાલીઓ સાચા હોય છે. અને સમાજનું એક અગત્યનું ધન આ રીતે કોઈપણ પ્રકારના હેતુ વિના, લક્ષ્ય વિના વેડફાઈ જાય છે.

દર વર્ષે શ્રેણી ૧૦ ને ૧૨ ની પરીક્ષા શરૂ થતાં બધા કેન્દ્રો ઉપરથી પેપરો ફૂટવાની અફવા ચાલે છે. વાલીઓ પણ ખોટી દોડાદોડી કરી બહાર પડેલા પેપરો સાચા છે તેમ માની તેની કોપી કરવી, ઝેરોક્ષ કરવી વિ. પ્રવત્તિઓની અંદર સક્રિય રીતે લાગી જતાં જોઈ દુઃખ થાય છે. ધારેલું પેપર પરીક્ષામાં સામાન્યતઃ આવતું નથી છતાં પણ દર વર્ષે આ ક્રિયા થયા કરતી જ હોય છે. પરીક્ષાના કેન્દ્રો ઉપર થતી ચોરી અંગે પરીક્ષાના દિવસો દરમ્યાન અખબારોમાં આવતી સમાચારોની વણજાર ચાલુ જ હોય છે કે અમુક કેન્દ્ર ઉપરથી આટલી કાપલીઓ મળી. અમુક ઠેકાણે સુપરવાઈઝરોએ અમુક પ્રકારની ચોરી કરાવી. આ બધા વચ્ચે જે વિદ્યાર્થી ખરેખર હોંશિયાર છે તેને કેટલું મોટું મુકશાન થતું હશે તેનો અંદાજ કાઢવો અઘરો નથી. પરિણામ પુસ્તીકાઓ ઉપર પણ અમુક કેન્દ્રો ઉપર સામાન્ય પરિણામની ટકાવારી કરતાં શ્રેણી ૧૦-૧૨ બન્ને પરિણામની ખૂબ ઉંચી ટકાવારી જોઈ તે કેન્દ્ર ઉપર થયેલી ચોરીનો અંદાજ સહેલાઈથી બાંધી શકાય છે. પેપરો તપાસવાની જગ્યાએ પણ જે કાંઈ ચાલી રહ્યું હોય તેની વાતો અખબારોમાં આવે છે ત્યારે આટલી મોટી સંખ્યામાં બેસનાર વિદ્યાર્થીઓની પરીક્ષા અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરવાનો સમય પાકી ગયો છે તેવું લાગ્યા સિવાય રહેતું નથી. બોર્ડની તકેદારી અને તેમની પગલાં ભરવાની તત્પરતા આંખે વળગીને ઉડે તેવી હોવા છતાં આ મોટી સંખ્યાને કારણે આ પગલાંઓ પણ ખૂબ ઊણા પડતાં હોય તેવું બને છે. દર વર્ષે નવી નવી પધ્ધતિઓ કરીને બોર્ડ સજાગપણે પોતાનાથી શકય તે બધા પ્રયત્નો કરે છે છતાં વ્યવહારની અંદર તેની સફળતા નોંધપાત્ર રહી નથી.

દર વર્ષે વાલીઓની અપેક્ષાને કારણે શ્રેણી ૧૦ અને ૧૨ નાં અભ્યાસક્રમો વચ્ચે અસમતુલાને કારણે પરીક્ષામાં ધારેલા પરિણામ ન મેળવતાં અનેક વિદ્યાર્થીઓ આત્મહત્યાનો માર્ગ લે છે તે પણ આ પ્રવાહો આવતાં શરૂ થયેલું એક ન સહન કરી શકાય તેવું દૂષણ છે.

અત્યારે બન્ને પ્રવાહોની જાહેર પરીક્ષામાં જે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ બેસે છે તે સંખ્યાનો વ્યાપ એટલો મોટો છે કે તેમાં સુધારો લાવવાનું કામ લગભગ અશકય બની ગયું છે. મોટા ભાગની વિદ્યાશાખાઓમાં આ બન્ને પરીક્ષાઓની ટકાવારીને આધારે જ પ્રવેશ આપવામાં આવતો હોઈ તેની વિશ્વસનીયતા બીનશંકાસ્પદ હોવી જોઈએ તેની જગ્યાએ આ પરીક્ષાઓની વિશ્વસનીયતા સાવ તળીયે ગઈ છે ત્યારે હવે જુદી જુદી વિદ્યાશાખાઓમાં પ્રવેશ માટે કંઈક જુદા આધારો પણ લેવા જરૂરી છે. શ્રેણી ૧૦ અને શ્રેણી ૧૨ ના અભ્યાસક્રમોના સ્તરમાં પણ ખૂબ મોટો ગાળો છે. વિશેષ કરીને વિજ્ઞાન પ્રવાહમાં તો વિદ્યાર્થી પહોંચી જ ન શકે તેટલો મોટો ગાળો નજરે ચઢે છે. ખાસ કરીને ગણિતના સ્તરમાં તો ફેર છે પરંતુ જીવવિજ્ઞાન,ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર વિષયો પણ સાવ નવા બનતા હોય તેવું શ્રેણી ૧૦માંના અભ્યાસક્રમનાં સંદર્ભમાં કહેવું વધુ પડતું નથી. આ તબક્કે બીજી એક લાગણી પણ વ્યકત કરવાનું મન થાય છે જે વિદ્યાર્થીને તબીબી શાખામાં પ્રવેશ પામવો હોય તેનેગણિતમાં ઓછા માર્ક આવ્યા હોય ને અન્ય વિષયોમાં ઉંચી ટકાવારી હોય તો પણ તે તબીબી ક્ષેત્રમાં જઈ શકતો નથી. તેવી જ રીતે જે વિદ્યાર્થીને ઈજનેરી શાખામાં જવું છે તેને જીવવિજ્ઞાન જેવા પેપરની અંદર ઓછા ગુણ મેળવ્યા હોય તો તે ઈજનેરી શાખામાં જઈ શકતો નથી. આ એક હાસ્યાસ્પદ પરિસ્થિતિ છે અને છતાં નરી વાસ્તવિકતા છે.

આ ઉપરાંત આજની આ પરિસ્થિતિ ઉપર બીજુ ઘણું ઘણું કહી શકાય તેમ છે પરંતુ આ બધાનો નિચોડ એક જ છે કે જુદા જુદા ક્ષેત્રોમાં પ્રવેશ માટેની પધ્ધતિ અંગેની ખૂબ ગંભીરતાપૂર્વક વિચારણા કરવી જરૂરી છે. આટલી મોટી સંખ્યામાં બેસતા વિદ્યાર્થીઓને , તે પણ વર્ષમાં બે વખત પરીક્ષા લેવાની કામગીરી આ ગંભીર બોજા નીચે પરીક્ષાબોર્ડની કાર્યક્ષમતાને અસર થાય તે સાવ સ્વાભાવિક છે. આથી આ પરીક્ષાપધ્ધતિ સંબંધી જેટલા વહેલા જાગીએ તેટલું ભાવી પેઢીને ઓછું નુકશાન થશે.

सा विद्याया विमुक्तये શિક્ષણનું ધ્યેય નિર્દિષ્ટ કરે છે. પરંતુ આજે તો શિક્ષણને જ વિમુક્તિની આવશ્યકતા છે. સરકારી જડ નિયમો, અભ્યાસક્રમોનાં ભારનાં દબાણો, પરીક્ષાનાં અનિશ્ચિત પરિણામો અને તેમાંથી ઉદ્દભવતા જીવનનો વિકાસ રોકે તેવા સંજોગો આવા બધા સંકુચીત અને જડ માળખામાંથી આજનું શિક્ષણ જેટલું વહેલું મુકત થશે એટલું આવતી પેઢીના હિતંમાં છે. આ બધામાં આશાનું કિરણ એ છે કે શિક્ષણની વિમુક્તિની દિશામાં સંચાર પેદા થયો છે તેને પુષ્ટિ મળે તેવી આપણે પ્રાર્થના કરવી રહી.

ના વંદન

## " મારી નોટ ખોવાઈ ગઈ !"

" અરે નિરવ ! આ શું ? આટલો બધો રડે છે કેમ ? કંઈ વાગ્યું કે શું ? "

" ના બહેન, વાગ્યું નથી..પણ મા..રી નોટો ખોવાઈ ગઈ..."

" નોટો ખોવાઈ ગઈ ? કેવી રીતે ? "

" બહેન..હું થોડીક વાર પાણી પીવા ગયો ને પાણી પીને પાછો આવ્યો ત્યારે મારી બે નોટ મારા દફતરમાંથી ખોવાઈ ગઈ...હવે હું શું કરીશ બેન ! પરીક્ષાનાં હવે કેટલાં ઓછાં દિવસ બાકી રહયાં છે ! ચાર દિવસ પહેલાં મારી ગુજરાતીની નોટ ખોવાઈ હતી તે તો મેં રાતનાં મોડે સુધી બેસી માંડ ઉતારી ત્યાં હવે આ બીજી બે નોટ ગઈ..બેન ! હું નાપાસ જ થઈશ.. હવે હું શું કરું ? કેવી રીતે હવે હું રીવીઝન કરીશ ? " ને ફરી પાછો એ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડયો...હું પણ ધ્રુજી ઉઠી...આટલો હોંશિયાર નિરવ...આખું વર્ષ ખૂબ મહેનત કરી હોય અને છેલ્લે વખતે જ આવી રીતે નોટો જતી રહે ! કેટલી મોટી મુશ્કેલી ?..

હમણાં જ એવી રીતે નિહારનું એસાઈનમેન્ટ ખોવાઈ ગયું...બીજા વિદ્યાર્થી પાસેથી બીજે દિવસે મળ્યું.. અને એટલે એના મમ્મીને બોલાવ્યાં, " બેન ! કાલે તમારા દિકરાએ નિહારનું એસાઈનમેન્ટ લીધું હતું.. તેણે કહેવું તો જોઈતું હતું..." ને ત્યાં તો એ બેને એક વકીલની અદાથી તેનાં બચાવપક્ષે દલીલો રજૂ કરી...મને આશ્ચર્ય થયું... પોતાના દિકરાએ કરેલી ભૂલનો એકરાર દિકરો તો ન કરે કારણ એ નાદાન છે પણ એક મા પણ જો તેનાં પોતાનાં સંતાનની ભૂલ કે મર્યાદા સ્વીકારી ન શકે અને ઉપરથી તેનો બચાવ કરે તો એ સંતાન એ ભૂલની પરંપરામાં ફસાવાનો જ... માણસ કયારેક ભૂલ જરૂર કરે પણ એ ભૂલને ભૂલ તરીકે સ્વીકારવાની જ તૈયારી ન હોય તો જીવનમાં સુધરવાની શકયતા જ કયાંથી રહે ?...

એકબાજુ ચારેકોરથી આજની ઉગતી પેઢીમાં જીવનનાં નૈતિક મૂલ્યોનું ઘડતર કરવા પ્રયત્નો ચાલી રહયાં છે ત્યારે બીજી બાજુ આવા પ્રસંગો રોજેરોજ હું જોઉં છું ત્યારે મને દુઃખ થાય છે કે આપણે માબાપ તરીકેની ફરજમાંથી પાછાં પડીએ છીએ... મારા દિકરાએ આખું વર્ષ મહેનત કરી છે ? મહેનત જ ન કરી હોય તો તેને પરીક્ષામાં વધુ માર્કસ લાવવાનો અધિકાર કઈ રીતે હોઈ શકે ? સાધના વીના સિધ્ધિ શકય જ કેવી રીતે બને ? પણ આજે તો આપણે ' યેનકેન પ્રકારેણ ' વધુ માર્કસ્માં માનતા થઈ ગયાં છીએ અને એટલે આપણાં જ સંતાનોને અનીતિ આચરતાં જોઈએ છીએ ને છતાંય આંખ આડા કાન કરીએ છીએ.

આખું ય વર્ષ વ્યવસ્થિત અભ્યાસ જ ન કર્યો હોય અને છેલ્લે વધુ માર્કસ લાવવા હોય તો શું ? આવો વિચાર જ કેવી રીતે આવે ? અરે! આપણે જ એને દસમામાં સલાહ આપીએ છીએ કે " બેટા ! તું એક કામ કર, સંગીત કે પી.ટી. રાખી લે એટલે એક વિષયનું તો ભારણ ઓછું ' આપણે એ વિચારીએ છીએ ખરાં કે એ સંતાને કયારે ય સંગીતનો ' સા ' ગાયો છે ખરો ? કે નાકા સુધી ચાલતાં કંઈક લેવા પણ ગયો છે ખરો! એ સંગીત કે પી.ટી. રાખી જ કેવી રીતે શકે ? જીવનના અગત્યનાં વર્ષો કે જ્યારે એ વિદ્યાર્થી કંઈક નવું મેળવી શકે તેમ છે ત્યારે જ આપણે તેને કામચોરી શીખવીએ છીએ..પરીક્ષાના માર્કસની ઘેલછાએ કેટલા મોટા અનિષ્ટો પેદા કર્યા છે !

આ જ ઊગતી પેઢી ઉપર આપણા આખા ય ભાવિ જીવનનો મદાર છે.. એનામાં નૈતિક મૂલ્યોનું સિંચન નહીં કર્યું હોય તો આપણા અને એના ભાવિનું શું ? પરીક્ષાનાં માર્કસ કરતાં ય જીવનમાં નૈતિક મૂલ્યો કર્તવ્યનિષ્ઠા વધુ મહત્વનાં છે.અને એ આપણા સંતાનોને જીવંત જીવન બક્ષસે એ આપણે કયારે સમજીશું ? કોઈપણ સિધ્ધિ મેળવતાં પહેલાં એને માટે મને અધિકાર છે ખરો ? એ પ્રશ્ન કોઈ બીજા આપણને પૂછે તેને બદલે આપણા અંતરાત્માએ જ આપણને પૂછવાનો છે..આપણા સંતાનોને એમના અંતરાત્માનો આ અવાજ સાંભળતા આપણે કયારે શીખવીશું ?

**ઊર્મિલા શાહ**

## હું તો ઝૂ જોવા ગઈ'તી

હું તો ઝૂ જોવા ગઈ'તી
પ્રાણીઓ જોયા અનેક.

પાંજરા નજીક જઈ ઊભી રહી
વાઘ વાઘણ બિચારા બન્યા અહીં
હોવા છતાં વાઘ કેમ બન્યું શિયાળ ?
શું માણસોનાં આનંદથી તે ખુશહાલ ?
ના, તેને જોઈએ કુદરતનો સહવાસ.

શું વાંક ગુન્હો તે જંગલી પ્રાણીનો,
જો હું હોઉં ભારતની સરકાર,
ના રહું જરાય બેદરકાર ,
છોડી દઉં વનમાં કરી દરકાર ,
શું માણસ હોત પાંજરામાં
અને પ્રાણીઓ તેને જોવા આવતા હોત તો ?

**- કિંશુક હિરપરા**
**ધોરણ ૭ - બ**

## ભારત દેશ

મારો ભારત દેશ મહાન છે ,
પર્વત , સાગર , નદીઓ ઝરણાં ,
ખેતર , જંગલ , રણ ને મેદાન છે ,
મારો ભારત દેશ મહાન છે.

ઉત્તર - દક્ષિણ - પર્વ - પશ્ચિમ ,
ચારેય ખૂણે લોકો જુદાં ,
પણ સૌના એક અરમાન છે ,
મારો ભારત દેશ મહાન છે .

સલ્તનત વંશ જેટલા મહેલ છે ,
પણ સૌમાં એક તાજમહાલ છે ,
કાંગરે , કાંગરે , બુરજ , બુરજ ,
ધડકે બોલે સૌમાં એક જ જાન છે ,
મારો ભારત દેશ મહાન છે.

**ઋત્વિ ત્રિવેદી**
**ધોરણ ૭ બ**

( તા.૯-૩-૯૯નાં રોજ ગુજરાત સાહિત્ય પરિષદ ની સભામા રજૂ થયેલ )

## સંસ્થાકીય સમાચાર

### બાલમંદિર

તા.૨૭--૨-૯૯ શનિવારે બાલમંદિરનાં બાળકોએ ‘ આપણા ઉત્સવો ’ નો કાર્યક્રમ નવા શારદામંદિરનાં રંગમંચ પર રજૂ કર્યો. બંને વિભાગનાં બાળકોએ ખૂબ જ સુંદર રીતે વિવિધ તહેવારોને અભિનય, નૃત્ય અને સંગીતના માધ્યમ દ્વારા પ્રદર્શિત કર્યા. રંગબેરંગી વસ્ત્રોમાં સુસજ્જિત આ નાના બાળકોએ અને તેમનાં મુખ પરનાં ઉલ્લાસે આખા ય વાતાવરણને જીવંત બનાવી દીધું ને તેમાંય શાળામાં માનદ્‌ સેવા આપતી સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની બેન આનતીના તથા તેનાં સાથીદારોનાં મીઠા કંઠે ગવાયેલાં ગીતો સાથે આટલાં નાના બાળકોએ જે તન્મયતાથી ને લાલિત્યથી આખો ય કાર્યક્રમ રજૂ કર્યો ત્યારે તો હૃદયમાથી ‘ વાહ ’ નાં ઉદગાર સરી પડયાં. આટલા નાના બાળકો આટલું સારૂં કામ કરી શકે ? બાળકોમાં અગાધ શક્તિ પડી છે તેની પ્રતીતિ આવા કાર્યક્રમોથી થાય છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે કાર્યકર બહેનો અને વાલીગણનો પણ ખૂબ સારો સહકાર મળ્યો તે માટે આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

તા.૯-૩-૯૯ નાં રોજ તાલીમનાં બાળકો માટે ચિત્ર સ્પર્ધા અને ૧૩-૩-૯૯ નાં રોજ સુલેખન સ્પર્ધા યોજવામાં આવી. બાળકોએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો. રંગ અને રેખામાં ખોવાઈ જતાં બાળકોને નિહાળવા એ પણ એક અદ્‌ભૂત લ્હાવો છે. બાળક ચિત્ર દ્વારા તેની આસપાસની દુનિયાને મુક્ત રીતે અભિવ્યક્ત કરે છે.

### શિશુમંદિર

**પ્રવાસ :** તા. ૨૨ , ૨૩ ફેબ્રુઆરીનાં રોજ ધોરણ ૨ નાં બાળકો માટે તારંગા, મહુડી, વડનગર અને ગાંધીનગરનો પ્રવાસ યોજાયો.

તા.૨૫ અને ૨૬ ફેબ્રુઆરીનાં રોજ ધોરણ ૩ નાં બાળકો માટે બાલારામ,ભિલડીયાજી, પાટણ, બહુચરાજી અને મોઢેરાનો પ્રવાસ યોજાયો.

**આંતરગૃહ સ્પર્ધા :** - વર્ષ દરમ્યાન લગભગ ૪૬ આંતરગૃહ સ્પર્ધાઓ યોજાઈ ગઈ તેનું સમગ્ર પરિણામ નીચે પ્રમાણે આવ્યું છે.

| | | |
|---|---|---|
| પ્રથમ | રત્નદીપ | ( ૬૩૫ ગુણ ) |
| દ્વિતીય | ધવલગિરિ | ( ૫૯૫ ગુણ ) |
| તૃતીય | ગંગોત્રી | ( ૪૫૫ ગુણ ) |
| ચતુર્થ | મેઘનાદ | ( ૪૪૫ ગુણ ) |

**રાષ્ટ્ર આરાધના :-** ધોરણ ૫ થી ૭ નાં વિદ્યાર્થી ભાઈબહેનોએ દેશભક્તિનાં ગીતોના સંગ્રહનો હસ્તલિખિત અંક‘ રાષ્ટ્ર આરાધના ’ તૈયાર કર્યો.

### વિનયમંદિર

તા.૧૭-૨-૯૯ નાં રોજ ધોરણ ૧૧ નાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે રમતોત્સવ યોજવામાં આવ્યો.

તા.૨૪-૨-૯૯ નાં રોજ ધોરણ ૧૧ માટે ‘ સ્વયંશિક્ષણ દિન’ નું આયોજન થયું. વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક શિક્ષણકાર્ય સંભાળ્યું.

**પ્રવાસ :** તા. ૧૩-૩-૯૯ ને શનીવારનાં રોજ વિજ્ઞાનપ્રવાહનાં વિદ્યાર્થીઓ માટે દસાડાની પીકનીક તથા તા.૨૪-૧૨-૯૮ નાં રોજ ધોરણ ૮,૯ માટે ઉત્કંઠેશ્વર ગાંધીનગરની પીકનીક યોજવામાં આવી.

તા.૨૨ તથા ૨૩ જાન્યુઆરીનાં રોજ ધો.૮ તથા ૯ માટે રમતોત્સવ યોજાયો.

તા.૮-૩-૯૯ નાં રોજ ધોરણ ૯ નાં વિદ્યાર્થીભાઈબહેનો માટે એપ્ટીટયુડ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓની ભાવિ કારકિર્દી માટે આવા ટેસ્ટ ખૂબ માર્ગદર્શક નિવડે છે.

તા. ૨૦-૨-૯૯ નાં રોજ વિનયમંદિરનો રસોત્સવ યોજાયો. વિદ્યાર્થી ભાઈબહેનોએ ગરબા અને શાસ્ત્રીય નૃત્યની રજૂઆત સુંદર રીતે કરી. આખો ય કાર્યક્રમ ખૂબ સફળ નીવડયો.

### સંસ્થાનું ગૌરવ

અમદાવાદ જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી તરફથી તા.૨૬-૨-૯૯ નાં રોજ પુરુષાર્થ ગૌરવ એવોર્ડ આપવાનો સમારંભ ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે યોજવામાં આવ્યો હતો જેમાં શિક્ષણમંત્રી શ્રી આનંદીબેન પટેલ અને મેયર શ્રી જોઈતારામભાઈ પટેલ ઉપસ્થિત રહયાં હતાં. આ કાર્યક્રમમાં સંસ્થાના વિદ્યાર્થીઓ ચિ.શિવાંગી ટંકશાળી, ચિ.કિર્તન ટંકશાળી ,ચિ. શર્વિલ ટંકશાળી અને ચિ.અનૂરી શાહને ગૌરવ પુરસ્કાર, શિલ્ડ અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં. આ પ્રસંગે શાળાને પણ આવા તેજસ્વી વિદ્યાર્થીઓને તૈયાર કરવા બદલ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું જેનો સંસ્થા વતી શ્રી જયશ્રીબેન દવેએ સભામાં ઉપસ્થિત રહી સ્વીકાર કર્યો.

તા. ૧૧-૩-૯૯ નાં રોજ કમિશ્નરશ્રીનાં પ્રાંગણમાં આ બધા જ વિદ્યાર્થી ભાઈબહેનોનું મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી મેયર શ્રી જોઈતારામભાઈ પટેલનાં હસ્તે રોકડ પુરસ્કાર અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું. એ પ્રસંગે સંસ્થાના નિયામક શ્રી દિનુભાઈ ઉપસ્થિત રહયાં.

ચિ. અનૂરી શાહ નેશનલ ચેસ ટુર્નામેન્ટમાં સમગ્ર ભારતમાં ૪ થી ૯ વર્ષનાં ગ્રુપમાં બીજા નંબરે આવી છે અને તેથી તેને નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ સ્પોર્ટસ્ અને નેશનલ સ્પોર્ટસ્ ઓથોરીટ ઓફ ઈન્ડીયા તરફથી નેશનલ સ્કોલરશીપ મળી છે. તે માટે અભિનંદન.

વડોદરા પોલો કલબ ખાતે યોજાયેલ ઓપન ગુજરાત ચેસ ટુર્નામેન્ટમાં ૪ થી ૧૨ વર્ષનાં વિભાગમાં ચિ.અનૂરી ગુજરાતમાં પ્રથમ આવી છે. અને હવે તા. ૫ મી મે થી કલકત્તા ખાતે રમાનાર નેશનલ ચેસ ટુર્નામેન્ટમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. ચિ.બેન અનૂરીને ખૂબ ધન્યવાદ અને ભાવિ સફળતા માટે શુભાશિષ.

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી આયોજીત ચિત્ર સ્પર્ધામાં પટેલ પ્રાપ્તિને રૂ.૨૦૦ નું ઈનામ અને પ્રમાણપત્ર તથા શાહ રોહનને રૂ.૨૦૦નું ઈનામ તથા પ્રમાણપત્ર મળ્યાં છે.

10th Kanagawa Biennial World Children's Art Exhibition માં આંતરરાષ્ટ્રીય કક્ષાએ ચિ.માનસી પારેખને એવોર્ડ મળ્યો છે.

સંસ્થાના ગૌરવ સમા આ સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને ખૂબ ધન્યવાદ.

### અભિનંદન

**ચિત્ર :** સ્પોર્ટ આર્ટ ૯૮, નેશનલ એકઝીબીશન ઓફ આર્ટ ફોર ચિલ્ડ્રન એન્ડ યુથ ઓન સ્પોર્ટસ્ એન્ડ ગેઈમ્સ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ.યશ શાહ,ચિ.પરીશા દલાલ તથા ચિ.સમ્યક શાહને સુવર્ણકમળ ડિપ્લોમા, ચિ.વર્શિલ પરીખને તથા શર્વિલ ટંકશાળીને જ્યુરી ગીફટ, તથા ચિ.ચિનાર શાહ અને ચિ.રોહન શાહને એવોર્ડ મૅરિટનાં પ્રમાણપત્રો મળ્યાં છે.

વિજય ઈન્ફરમેશન હૈદ્રાબાદ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ.સોનમ શાહને પ્રથમ ઈનામ મળ્યું છે.

ચાઈલ્ડ આર્ટ કલબ હૈદ્રાબાદ અંકલ બાબજીની ૩૩મી ચિત્ર સ્પર્ધામા ચિ.ખ્યાતિ કોઠારી તથા ચિ.નિરલ મોદીને સ્ટેટ એવોર્ડ મળ્યોછે.

ક્ષિતિજઆયોજીતઉજીઓલઈન્ડિયા ચાઈલ્ડ આર્ટ એકઝીબીશન-૯૮માં ચિ.દક્ષ દેસાઈ તથા ચિ.પરીશા દલાલને મેરીટ સર્ટીફીકેટ તથા ચિ.કિરાત ઠાકોર તથા ચિ.વિદિત શાહને રૌપ્યચંદ્રક મળ્યો છે.

વેકેશન ૯૮- આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ.આનલ ગાંધીને દ્વિતીય ઈનામ મળ્યું છે. ભારતીય જીવન વીમા નિગમ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ.દેવસ્ય જાનીને ( ગ્રુપ એ ) માં પ્રથમ ઈનામ મળ્યું છે.

આંધ્રપ્રદેશની ચિત્રકલા પરિષદ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ.આલિશા દલાલને પ્રમાણપત્ર મળ્યું છે.

લલિતકલા અકાદમી દિલ્હી દ્વારા માન્ય લલિતકલા પરિષદ વિશાખાપટ્ટમ આયોજીત નેશનલ ચિલ્ડ્રન આર્ટ કોમ્પીટીશનમાં ચિ.શિવાંગી ટંકશાળી તથા ચિ.શર્વિલ ટંકશાળીએ અતિવિશિષ્ટ કલા પુરસ્કાર મેડલ મેળવ્યાં છે.

ટાઈમ્સ ઓફ ઈન્ડીયા આયોજીત ' વી વન્ડર ' ની ચિત્ર સ્પર્ધા પછી યોજાયેલ ચિત્ર પ્રદર્શનમાં ચિ.શિવાંગી ટંકશાળી તથા ચિ.શર્વિલ ટંકશાળીના ચિત્રો પ્રદર્શિત થયા હતા.

**ચેસ :** ગુજરાત ચેસ એકેડમી આયોજીત ચેસ સ્પર્ધામાં ચિ.ગીત શાહ (અંડર-૧૪) ચિ.સાગર પારેખ (અંડર-૧૦) પ્રથમ આવ્યાં છે. જ્યારે ચિ.આનંદ ત્રિવેદી ( અંડર-૮ ) માં છઠ્ઠા આવ્યા છે.

ચાઈલ્ડ યુથ કેર પ્રાઈવેટ લી.આયોજીત જલતંગ ચેસ ટ્રોફી ચેસ સ્પર્ધામાં ચિ.આનંદ ત્રિવેદી ( અ વિભાગ ) માં તૃતીય ઈનામ અને ચિ.સાગર પારેખ ( બ વિભાગ )માં પ્રથમ ઈનામ જીત્યાં છે.

ચેસ પ્લેયર્સ પેરન્ટસ્ એસોસીયેશન તરફથી તા ૭-૨-૯૯ નાં રોજ યોજાયેલ ચેસ ટુર્નામેન્ટમાં ચિ.આનંદ ત્રિવેદીએ (અંડર ૮) માં પ્રથમ ઈનામ મેળવ્યું છે. ચિ. ગીત શાહને (અંડર ૧૪) માં પાંચમું ઈનામ મળ્યું છે.

ગુજરાત સ્ટેટ ચેસ એસોસીયેશન તરફથી સન એન્ડ સ્ટેપ કલબમાં ચેસ ટુર્નામેન્ટમાં આનંદ ત્રિવેદીને (અંડર ૧૦)માં પ્રથમ તથા શાહ અનૂરીને (અંડર ૧૮) માં પ્રથમ ઈનામ મળ્યાં છે. ગુજરાત કલબ ખાતે રમાયેલ (અંડર ૯) માં ચિ.આનંદ ત્રિવેદીએ બીજું ઈનામ મેળવ્યું છે.

**ટેબલ ટેનીસ :** ACE Tennis Tournament માં ચિ. નેમિલ શાહ જુનીયર પ્લયર્સમાં સેમી ફાઈનલ સુધી પહોચ્યાં હતાં.

**કરાટે :** અર્જુન સ્કુલ ઓફ માર્શલ આર્ટસ ઈન્ડિયા તરફથી ચિ.મોહલ શુક્લને yellow belt મળ્યો છે.

**સૌ વિદ્યાર્થી ભાઈબેનોને અભિનંદન.**

**સંગીત પરીક્ષા :** બૃહદ ગુજરાત ગાંધર્વ મહાવિદ્યાલય દ્વારા લેવાયેલ પરીક્ષાઓમાં શાળામાં ચાલતાં સંગીતના વર્ગોના બધાં જ વિદ્યાર્થીઓનું પરિણામ ૧૦૦ % આવ્યું છે.

**ચિત્ર પરીક્ષા :** ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ તરફથી લેવાયેલ પ્રાથમિક ચિત્ર પરીક્ષાનું પરિણામ ૧૦૦ % તથા માધ્યમિક ચિત્ર પરીક્ષાનું પરિણામ ૯૯ % આવ્યું છે.

**પર્સનાલીટી ડેવેલપમેન્ટ કોર્સ ફોર લેડીઝ :** આ વર્ષમાં ઉપર્યુકત કોર્સની બીજી બેચ જાન્યુઆરીથી શરૂ થઈ માર્ચમાં સફળતાપૂર્વક પૂરી થઈ છે, જેના સર્ટીફીકેટ વિતરણનો કાર્યક્રમ તા. ૯-૩-૯૮નાં રોજ યોજવામાં આવ્યો આ અંગે હાજર રહેલા સભ્યોના પ્રતિભાવો ખૂબ સારા રહ્યા,સૌએ આવા કોર્સની જરૂરીયાત માટે અનુરોધ કર્યો.

## શ્રધ્ધાંજલિ

શારદામંદિરમાં ઘણાં લાંબા સમય સુધી જેમણે સંગીત શિક્ષક તરીકે પોતાની નમૂનારૂપ સેવા આપી છે તેવા શ્રી રમણભાઈ દવેનાં અવસાનની નોંધ લેતા અમે અત્યંત દુઃખની લાગણી અનુભવીએ છીએ.

શ્રી રમણભાઈનું સંગીતના ક્ષેત્રમાં ખૂબ ઊંડુ જ્ઞાન હતું અને તે જમાનાના અત્યંત પ્રસિધ્ધ સંગીતકારો સાથે તેમને ઘરોબો પણ હતો. અનેક વખત તેમણે તેઓની સાથે જ્યારે અમદાવાદમાં તેમનાં કાર્યક્રમો હોય ત્યારે સંગત પણ આપી હતી. ભારતની આઝાદી પછી જાહેર માધ્યમોનાં ક્ષેત્રોમાં ( આકાશવાણી જેવા માધ્યમોમાં ) તેઓ તે જમાનામાં જે તકો ઉભી થઈ તે મુજબ પ્રોડક્ષણ ક્ષેત્રે પોતાની જાતને ગોઠવી શકયા હોત, પણ તેને બદલે એક શાળાની અંદર સંગીત શિક્ષક તરીકે પોતે લાંબા સમય સુધી સેવા આપીને એક નમૂનારૂપ દ્રષ્ટાંત પૂરૂં પાડયું છે. સંગીતનાં સૂરોની તેમણે આમૂલ શુધ્ધતાનો આગ્રહ અને તાલની બાબતમાં બેનમૂન ચોકસાઈ રાખ્યાં હતાં, આ એમની વિશિષ્ટતા હતી, અને તે વર્ષોની અંદર બાલમંદિરથી માંડીને હાઈસ્કુલ સુધીના વિદ્યાર્થીઓને તેમની આ પ્રગાઢ પ્રતિભાનો લાભ મળ્યો તેને હું સંસ્થાનું બડભાગીપણું માનું છું. માત્ર શાળામાં જ નહીં પરંતુ તે સમયમાં એલીસબ્રીજમાં વસવાટ કરતાં અનેક સંસ્કારી કુટુંબોને તેમની આ સંગીત પ્રતિભાનો લાભ મળ્યો તે નોંધ લેવા જેવી હકીકત છે.

એમણે વર્ષો સુધી બાલમંદિરનાં બાળકો સાથે જે તન્મયતાથી કામ કર્યું, તે બાળકોની વચ્ચે શ્રી રમણભાઈને ગાતાં જોવા તે હ્રદયંગમ દ્રશ્ય હતું. તેમના આ ઋણ બદલ તેમનાં ગવાયેલાં ગીતોની તેમની જ પ્રિય વિદ્યાર્થિની બેન આનતીનાં મુખ્ય સ્વર સાથે અમે ઓડિયો કેસેટ તેમને અર્પણ કરી તેથી અમારા ઋણનો ભાર અમે અલ્પ અંશે પણ અદા કરી શકયા છીએ તેનો આનંદ છે. વર્ષો સુધી શારદામંદિર સંગીતના ક્ષેત્રમાં જે આગવું સ્થાન પ્રાપ્ત કરી શકયું છે તે યશના સિંહફાળાનો સાચો અધિકાર શ્રી રમણભાઈ દવેનાં ફાળે જાય છે તેમ કહેતાં ગૌરવ અને આનંદની લાગણી થાય છે.

શ્રી રમણભાઈ દવે સંસ્કાર, સમર્પણ અને સંગીત સાધનાવાળું ઉત્તમ જીવન જીવી ગયા.

ઈશ્વર તેમના આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના.

— — — — — — —

શાળાઓ માત્ર બૌદ્ધિક શિક્ષણની રીતે ઉત્તમ હોય તે પૂરતું નથી. શાળાઓ તો માનવીના સમગ્ર વિકાસ સાથે સંબંધિત હોવી જોઈએ. શિક્ષણનાં આવાં કેન્દ્રોએ વિદ્યાર્થીઓને તથા શિક્ષણકારોને સ્વાભાવિક ક્રમમાં ખીલવામાં મદદરૂપ થવું જોઈએ. ખીલવું ( પુષ્પીકરણ થવું ) એ સાચે જ ખૂબ અગત્યનું છે, કેમ કે, નહિતર શિક્ષણ કેવળ યાંત્રિક પ્રક્રિયા બની જાય જે ' કેરિયર ' તથા કોઈ પ્રકારના વ્યવસાય માટે જ તૈયાર કરે. હાલ જે પ્રકારનો સમાજ છે તે જોતાં તેવું શિક્ષણ જરૂરી છે, પણ આપણે જો બધો ઝોક તેવા શિક્ષણ પર જ મૂકીએ, તો ખીલવાનું સ્વાતંત્ર્ય ક્રમશઃ કરમાઈ જ જાય.

**જે. કૃષ્ણમૂર્તિ**

**વેકેશન :** તા.૧૦ મી મે થી ૧૩મી જુન સુધી શાળામાં વેકેશન રહેશે. તા.૧૪મી જૂનથી રાબેતા મુજબ સ્કુલ શરૂ થશે.

તંત્રી ,મુદ્રક,પ્રકાશકઃ દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL: shaarad@ad1.vsnl.net.in